# રિજનલ વાઈબ્રન્ટ એક્ઝિબિશનમાં આઈ.ટી.આઈ.ના યુવાનોનો દબદબો: અકસ્માત નિવારતી 'ઈન્ટેલિજન્ટ એલર્ટ સિસ્ટમ' બની આકર્ષણનું કેન્દ્ર

## 'જોબ સીકર' નહીં, 'જોબ ગીવર' બનતો ગુજરાતનો યુવાન: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરતા ઉભરતા ઈનોવેટર્સ





## રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા મોડલ: સુરેન્દ્રનગર આઈ.ટી.આઈ.ની ટીમે ટેકનોલોજીના માધ્યમથી રજૂ કર્યો સામાજિક સમસ્યાનો સ્માર્ટ ઉકેલ

રાજકોટ:

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦ વર્ષ પહેલાં 'વાઈબ્રન્ટ ગુજરાત'ના જે બીજ રોપ્યા હતા, તે આજે એક વટવૃક્ષ બનીને રાજ્યના ખૂણે-ખૂણે પહોંચ્યું છે. વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત@૨૦૪૭'ના વિઝનને ગતિ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજકોટ ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં ગુજરાતના યુવાનોની કૌશલ્ય શક્તિના દર્શન થઈ રહ્યા છે, જેમાં ખાસ કરીને સુરેન્દ્રનગર આઈ.ટી.આઈના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી 'ઈન્ટેલિજન્ટ વ્હીકલ એક્સિડન્ટ એલર્ટ એન્ડ નોટિફિકેશન સિસ્ટમ' રાજ્યની ટેકનિકલ ક્ષમતાનું ઉદાહરણ પૂરું પાડી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ અને મક્કમ નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા 'સ્કિલ ઈન્ડિયા' અભિયાનને નવી ઊંચાઈ પર લઈ જવામાં આવી રહ્યું છે. રાજ્યના શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગ દ્વારા આઈટીઆઈના તાલીમાર્થીઓને આધુનિક સંસાધનો પૂરા પાડવામાં આવતા હોવાથી આજે રાજ્યના યુવાનો સમાજની જટિલ સમસ્યાઓના સ્માર્ટ ઉકેલો લાવી રહ્યા છે. સુરેન્દ્રનગરના તાલીમાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવેલી આ સિસ્ટમ માર્ગ અકસ્માત સમયે 'ગોલ્ડન અવર'માં મદદ પહોંચાડવા અને ધુમ્મસ જેવા કારણોસર થતા 'ચેઈન અકસ્માતો' રોકવામાં પાયારૂપ સાબિત થશે.

આ પ્રોજેક્ટની કાર્યપદ્ધતિ વિશે માહિતી આપતા સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર શ્રી દિવ્યાંગ જે. શાહે જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માત સમયે ઘણીવાર ધુમ્મસ કે ઓછા પ્રકાશને કારણે 'ચેઈન ઓફ એક્સિડન્ટ્સ' સર્જાતા હોય છે. આ સમસ્યાના ઉકેલ માટે તૈયાર કરાયેલી આ સિસ્ટમ અકસ્માત થતાંની સાથે જ ૫ કિમીની ત્રિજ્યામાં આવતા અન્ય વાહનોને ત્વરિત એલર્ટ મોકલે છે, જેથી પાછળ આવતા વાહનો સમયસર પોતાની ગતિ ધીમી કરી શકે અને સંભવિત ટક્કરને ટાળી શકાય. આ પ્રોજેક્ટ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી ચૂક્યો છે.

આ પ્રોજેક્ટની સૌથી મહત્વની વિશેષતા તેની ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ છે. અકસ્માત સર્જાતા જ આ સિસ્ટમ અદ્યતન સેન્સર્સ અને GPS લોકેશનની મદદથી નજીકના પોલીસ સ્ટેશન, ૧૦૮ હોસ્પિટલ સેવા અને વાહન ચાલકના પરિવારજનોને ઓટોમેટિક મેસેજ મોકલી દે છે. સમયસર મળેલી આ જાણકારીથી ઘાયલ વ્યક્તિને 'ગોલ્ડન અવર'માં જ તબીબી સારવાર મળી રહે છે, જે હજારો માનવ જિંદગીઓ બચાવવામાં પાયારૂપ સાબિત થઈ શકે છે. આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં શ્રી ડી.એમ. ચુડાસમા, શ્રી એન.એમ. બેલીમ અને તેમની સમગ્ર ટીમનો મહત્વનો ફાળો રહ્યો છે.

આઈટીઆઈના યુવા તાલીમાર્થીઓની આ ટેકનિકલ કુશળતાથી પ્રભાવિત થઈને શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ પ્રોજેક્ટનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન નિહાળ્યું હતું. તેમણે આ ટીમને પોતાના નિવાસસ્થાને આમંત્રિત કરી વ્યક્તિગત અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાનશ્રી જે રીતે યુવાશક્તિને દેશના વિકાસનું એન્જિન માને છે, તે જ દિશામાં મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતના આઈટીઆઈના વિદ્યાર્થીઓ ટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ લાવી રહ્યા છે. ગુજરાત સરકાર રાજ્યના યુવાનોમાં રહેલી નવીનતા અને કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે અને આવા પ્રોજેક્ટ્સ 'આત્મનિર્ભર ભારત'ના સપનાને સાકાર કરવામાં મદદરૂપ થશે.

રાજકોટના આ પ્રાદેશિક પ્રદર્શનમાં ૪૫૦થી વધુ સ્ટોલ્સ દ્વારા રાજ્યની ઔદ્યોગિક અને શૈક્ષણિક પ્રગતિનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'લોકલ ફોર વોકલ'ના મંત્રને સાર્થક કરતા આ એક્ઝિબિશનમાં સ્થાનિક સ્ટાર્ટઅપ્સ અને વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ્સને ઉદ્યોગ જગત સાથે સીધું જોડાણ મળી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારની પ્રોત્સાહક નીતિઓના પરિણામે આજે ગુજરાતનો યુવાન માત્ર નોકરી શોધનાર નહીં, પરંતુ ટેકનોલોજી અને ઈનોવેશન દ્વારા 'જોબ ગીવર' બનવા તરફ ડગ માંડી રહ્યો છે. આ એક્ઝિબિશન યુવા પેઢી માટે પ્રેરણાનો સ્ત્રોત બની રહ્યું છે.

# રાજકોટ જિલ્લામાં એક વર્ષમાં રૂા.૨૨૧ કરોડની જમીન ખુલ્લુ કરતું કલેકટર તંત્ર



રાજકોટ:

રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રૂા.૨૨૧ કરોડની સરકારી જમીન પર ખડકાયેલા દબાણ હટાવવામાં આવેલ છે. આગામી સમયમાં પણ આ દબાણ હટાવ ઝુંબેશ શરૂ રહેશે તેમ જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશએ જણાવ્યું હતું. કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવ્યું હતું કે રાજકોટ સહિત જિલ્લામાં એક વર્ષ દરમિયાન ૧૩,૧૨,૮૮૮ ચો.મીટર જમીન પરના દબાણો હટાવવામાં આવેલ છે. સરકારી જમીન પરના દબાણો હટાવવા માટે કલેકટર કચેરીમાં પ્રતિ માસ આયોજીત થતી રેવન્યુ અધિકારીઓની બેઠકમાં પણ સમયાંતરે અધિકારીઓને તાકીદ કરવામાં આવી રહી છે. તે અંતર્ગત છેલ્લા એક વર્ષ દરમિયાન ૧૩,૧૨,૮૮૮ ચો.મી. જમીન પર ખડકાયેલા દબાણો હટાવવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સરકારી જમીન પરના દબાણોના કારણે સરકારની વિવિધ વિકાસલક્ષી પ્રોજેપકટ અને જમીન ફાળવણી જેવી પ્રક્રિયાઓમાં અવરોધ ઉભો થતો હોય છે. જાહેર જનતાના હિતમાં કરવામાં આવતી કામગીરીમાં કોઈ વિક્ષેપ ન પડે તેવા હેતુથી દબાણ હટાવવાની કામગીરી તંત્ર માટે એક આવશ્યક મેન્ડેટ બની જવા પામી છે. અહી એ પણ ઉલ્લેખનીય છે કે અગાઉ રાજય સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં સરકારી જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા દબાણોને હટાવવા માટે તમામ જિલ્લાઓના કલેકટરોને આપવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના પૂર્વ કલેકટર પ્રભવ જોશીના સમયકાળમાં પણ દબાણ હટાવ ઝુંબેશને શરૂ રાખવામાં આવી હતી. જે હાલના કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા આગળ ધપાવવામાં આવી હતી. જે અંતર્ગત જિલ્લાના તમામ તાલુકાઓમાં એક વર્ષ દરમિયાન ૧૩,૧૨,૮૮૮ ચો.મીટર સરકારી જમીન પરથી કાચા- પાકા બાંધકામો અને કૃષિ વિષયક દબાણો હટાવવામાં આવેલ છે. જે આ જમીનની કિંમત રૂા.૨૨૧ કરોડ થવા જાય છે. આગામી સમયમાં પણ આ દબાણ હટાવ ઝુંબેશને શરૂ રાખવામાં આવશે તેમ જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવ્યું હતું.

# વાઈબ્રન્ટ સમીટમાં એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા પેવેલીયનમાં રન-વેની પ્રતિકૃતિનું આકર્ષણ

રાજકોટ:વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાયેલ યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝીબીશનમાં એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (છછૈં)નું માર્ગદર્શક પેવેલિયન તૈયાર કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને વેગ આપવા માટે એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસોની ઝલક છછૈં ના પેવેલિયનમાં મૂકવામાં આવી છે.યુવા પેઢી ભારતના એવિએશન ક્ષેત્રથી માહિતગાર થાય તેમ જ તેમાં રૂચી ધરાવતી થાય તે માટે ખાસ એવિએશનમાં કારકિર્દી માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ કરી રહ્યો છે. ખાસ કરીને એવિએશન ક્ષેત્રમાં જ્યાં ૨૦૧૪ માં માત્ર ૭૪ એરપોર્ટ કાર્યરત હતા જેની સંખ્યા ૨૦૨૫માં ૧૬૪ પર પહોંચી ગઈ છે અને પ્રધાનમંત્રીશ્રીના વિઝનને ધ્યાનમાં રાખીને ૨૦૪૭ સુધીમાં ૩૫૦-૪૦૦ એરપોર્ટના નિર્માણનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. એટલું જ નહીં એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દેશભરમાં એર કનેક્ટિવિટી વધારવાનું તેમજ સુલભ અને આધુનિક એરપોર્ટના સંચાલનનું મિશન ધરાવે છે.

આજની યુવા પેઢી ભારતનું ભવિષ્ય છે અને આ જ



વાતને ધ્યાનમાં રાખીને એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝીબીશનમાં એવિએશનમાં ઉપલબ્ધ કારકિર્દીને લગતી સંભાવનાઓ વિષે યુવાઓ તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. એવિએશન ક્ષેત્રમાં રહેલાં ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓમાં રૂચી જાગે અને પ્રધાનમંત્રીશ્રીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવામાં તેઓ પણ ભાગીદાર બને તેવા સંપૂર્ણ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પેવેલિયનમાં એરપોર્ટ જેવો જ માહોલ ઉભો કરવામાં આવ્યો છે.

એરપોર્ટની જેમ જ પેવેલિયનમાં રન-વેની પ્રતિકૃતિ પણ મૂકવામાં આવી છે. એટલું જ નહી વિદ્યાર્થીઓ માટે ખાસ ક્વિઝ અને સેલ્ફી પોઈન્ટ પણ રાખવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓને મનોરંજન ઉપરાંત માહિતી પણ પૂરી પાડશે. આ ઉપરાંત એર ટ્રાફિક ક્ધટ્રોલ કે જે આકાશમાં વિમાનોનું સંચાલન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે તેમની કામગીરી વિષે પણ માહિતી આપવામાં આવી રહી છે.તેના સિવાય પણ એવિએશન ક્ષેત્રના વિવિધ વિભાગો જેવા કે ફાયર, એન્જિનીયરીંગ, ફાયનાન્સ અને એચ.આર.માં રહેલી અનંત સંભાવનાઓ વિષે પણ યુવાઓ તથા વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરવામાં આવી રહ્યું છે, તે ઉપરાંત આપણા ભારત દેશને એક કરવામાં જેમણે મહત્ત્વનો ફાળો આપ્યો એવા ભારતના લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પણ મૂકવામાં આવી છે. હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ આગામી સમયમાં રાજકોટ, મોરબી, જામનગર સહીત સૌરાષ્ટ્ર -કચ્છના વેપાર ઉદ્યોગ માટે ખુબ જ મહત્વનું બની રહેશે. અહીં કાર્ગોની સુવિધાના કારણે પ્રોડક્ટ્સનું મોટાપાયે આવાગમન શક્ય બનશે તેમ ઓથોરિટીના પી.આર.ઓ. અજયસિંહ જાદુને જણાવ્યું છે. મારવાડી યુનિવર્સિટીમાં યોજાઈ રહેલા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝીબીશનના અંતિમ દિવસે વિદ્યાર્થીઓ, યુવાઓને કોર્પોરેટ કમ્યુનિકેશન્સ ડાયરેક્ટોરેટ ઈન્દ્રમોહન તેમજ અજયસિંહ જાદુએ માર્ગદર્શન આપ્યું હતું.

# ૨૭ જાન્યુઆરીથી ધ રાજકુમાર કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય રાઉન્ડ સ્કવેર પરિષદનું આયોજન

રાજકોટ:રાજકોટ, જાન્યુઆરી ૨૦૨૬: ધ રાજકુમાર કોલેજ (આર.કે.સી.), રાજકોટ ખાતે ૨૭થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન આંતરરાષ્ટ્રીય રાઉન્ડ સ્ક્વેર પરિષદનું આયોજન થવા જઈ રહ્યું છે. આ પરિષદ ગુજરાત માટે ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક ઘટના છે, જેમાં ભારત તેમજ વિદેશની કુલ ૨૫ પ્રતિષ્ઠિત શાળાઓના ૨૩૬ પ્રતિનિધિઓ ભાગ લેશે. Maned Warriros Beyond Frontiers થીમ પર આધારિત આ પરિષદ ૧૦થી ૧૨ વર્ષની વયના વિદ્યાર્થીઓ માટે યોજાશે. પરિષદનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, સંરક્ષણ અને વૈશ્વિક નાગરિકતાની ભાવનાનો વિકાસ કરવાનું છે. આ અંતર્ગત વિદ્યાર્થીઓ ગીર નેશનલ પાર્કની મુલાકાત લઈ એશિયાઈ સિંહો અને માનવ-વન્યજીવન સહઅસ્તિત્વના સફળ મોડેલને નજીકથી સમજશે.



પરિષદ દરમિયાન ગીર સફારી, માર્ગદર્શિત શૈક્ષણિક પ્રવાસો, બારાઝા સત્રો અને ચર્ચાઓ યોજાશે. વન વિભાગના સહયોગથી વિદ્યાર્થીઓને જૈવ વૈવિધ્યતા અને પર્યાવરણ સંરક્ષણ અંગે પ્રત્યક્ષ અનુભવ મળશે. આ પરિષદને ગીર વન વિભાગ તથા ગુજરાત રાજ્યના માનનીય વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનો સહયોગ પ્રાપ્ત છે.

આ અવસરે આર.કે.સી.ના પ્રિન્સિપાલ શ્રી યશ સક્સેનાએ જણાવ્યું કે, ધ રાજકુમાર કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય રાઉન્ડ સ્ક્વેર પરિષદનું આયોજન રાજકોટ અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે. આ પરિષદ દ્વારા વિદ્યાર્થીઓમાં સંરક્ષણ, સાહસ અને જવાબદાર વૈશ્વિક નાગરિક બનવાની ભાવના વિકસશે. ઉલ્લેખનીય છે કે ધ રાજકુમાર કોલેજ છેલ્લા ૧૬ વર્ષોથી રાઉન્ડ સ્ક્વેર મૂવમેન્ટ સાથે સંકળાયેલી છે. આ પરિષદ દ્વારા સંસ્થા વૈશ્વિક શિક્ષણ ક્ષેત્રે પોતાનું સ્થાન વધુ મજબૂત કરશે તેમજ એશિયાઈ સિંહોના સંરક્ષણ પ્રત્યે ગુજરાતની પ્રતિબદ્ધતાને ઉજાગર કરશે.

# રાજકોટ રેલ્વે સ્ટેશન પર 'સ્માર્ટ ડિજિટલ લોકર' સુવિધા શરૂ

## રેલ્વેની આધુનિક 'સેલ્ફ-સર્વિસ' ક્લોક રૂમ સુવિધા: મુસાફરો માટે સુરક્ષિત, સ્વચાલિત અને અનુકૂળ સામાન સંગ્રહ




રાજકોટ:મુસાફરોની સુવિધાને નવી ઊંચાઈઓ પર લઈ જવા અને સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે, પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝને રાજકોટ રેલ્વે સ્ટેશન પર સ્માર્ટ ડિજિટલ લોકર સુવિધાની શરૂઆત કરી છે. આ અત્યાધુનિક સુવિધા મુસાફરોને સુરક્ષિત, સંપૂર્ણ સ્વચાલિત અને અનુકૂળ સામાન સંગ્રહની સુવિધા પૂરી પાડે છે.

આ સેવા ત્રણ વર્ષના કરાર હેઠળ શરૂ કરવામાં આવી છે અને ભારતીય રેલ્વે દ્વારા ટેકનોલોજી આધારિત મુસાફર સુવિધાઓને પ્રોત્સાહન આપવાની દિશામાં આ એક મોટું પગલું છે. આ ડિજિટલ લોકર સુવિધા રાજકોટ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર સ્થિત અપર ક્લાસ વેઈટિંગ હોલની નજીકના વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવી છે, જેથી મુસાફરો માટે તેનો ઉપયોગ કરવો અત્યંત સરળ રહેશે.

રેલ્વે સ્ટાફ વગર સ્વયં સંચાલનની સુવિધા:

પરંપરાગત ક્લોક રૂમ પ્રણાલીથી વિપરીત, સ્માર્ટ ડિજિટલ લોકર સિસ્ટમ મુસાફરોને કોઈ પણ રેલ્વે કર્મચારીની મદદ વગર જાતે જ પોતાનો સામાન રાખવા અને મેળવવાની સુવિધા આપે છે.

૧) લોકર OTP અને QR કોડ આધારિત એક્સેસ પર કાર્ય કરે છે.૨) આ પ્રક્રિયા ઝડપી, સુરક્ષિત અને સંપૂર્ણપણે યુઝર-ફ્રેન્ડલી છે.૩) તમામ ચુકવણી ડિજિટલ અને કેશલેસ છે, જે પારદર્શિતા વધારે છે અને રોકડ વ્યવહારની જરૂરિયાત દૂર કરે છે.

ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક — દરેક મુસાફર માટે યોગ્ય:

આ નવી સુવિધા ખાસ કરીને એવા મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થશે જેઓ થોડા કલાકો માટે રાજકોટ આવ્યા છે અને પોતાનો ભારે સામાન સ્ટેશન પર સુરક્ષિત મૂકીને શહેરની મુલાકાત લેવા માંગે છે. આ પહેલ મુસાફરોની સુવિધાઓને વધુ બહેતર બનાવશે.

રાજકોટ સ્ટેશન પર લોકર વપરાશ શુલ્ક (કદ અને સમય મુજબ):

લાર્જ લોકર : ૨૩.૬ (૧ કલાક), ૭૦.૮ (૩ કલાક), ૧૪૧.૬ (૬ કલાક), ૨૮૩.૨ (૧૨ કલાક), ૫૬૬.૪ (૨૪ કલાક)

એક્સ્ટ્રા-લાર્જ લોકર : ૩૫.૪ (૧ કલાક), ૧૦૬.૨ (૩ કલાક), ૨૧૨.૪ (૬ કલાક), ૪૨૪.૮ (૧૨ કલાક), ૮૪૯.૬ (૨૪ કલાક)

મુસાફરોની સુવિધા માટે દર પત્રક ડિજિટલ લોકર પર પ્રદર્શિત કરવામાં આવ્યું છે. આવી જ 'સ્માર્ટ ડિજિટલ લોકર' સુવિધા તાજેતરમાં રાજકોટ ડિવિઝનના દ્વારકા અને જામનગર સ્ટેશન પર પણ શરૂ કરવામાં આવી છે. રાજકોટ ડિવિઝન મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડવા માટે સતત કાર્યરત છે.

# રાજકોટમાં સી.આઈ.ડી. એન્ટી નાર્કોટિક્સ વિભાગનો પ્રારંભ

## નાર્કોટિક્સ ડ્રગ્સના કેસમાં ૧૦ વર્ષ સુધી જેલની જોગવાઈ, આરોપી વિરુદ્ધ કડક કામગીરી કરવા સૂચના આપતા પોલીસ કમિશનર




રાજકોટ:પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝા ની અધ્યક્ષતામાં રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનરશ્રીએ રાજકોટ ઝોનમાં શરુ કરાયેલા સી.આઈ.ડી. એન્ટી નાર્કોટિક્સ વિભાગને રાજકોટ પોલીસ સાથે સંકલનમાં રહીને ગાંજો અને નાર્કોટિક્સ ડ્રગ્સના વધુને વધુ કેસ કરવા નિર્દેશ આપ્યા હતાં. પોલીસ કમિશ્નર શ્રી એ એન.ડી.પી.એસ. ના કેસમાં આરોપીને વધુમાં વધુ સજા મળે તે પ્રકારે કામગીરી કરવા પણ સૂચના આપી હતી.

અધિક પોલીસ કમિશનર શ્રી મહેન્દ્ર બગડિયાએ પોલીસ વિભાગ તેમજ ખેતી વાડી વિભાગને સંયુક્ત રીતે ગાંજાની ખેતી ન થાય તે અંગે ગ્રામ્ય લોકો, ખેડૂતોમાં જનજાગૃતિ કરવા તાકીદ કરી હતી. અને શાળા કોલેજના પી.ટી. શિક્ષકો પણ વિદ્યાર્થીઓને ડ્રગ્સના દુષણથી દૂર રહેવા માર્ગદર્શન આપવા જણાવ્યું હતું.

ક્રાઈમ વિભાગના ડી.સી.પી. શ્રી જગદીશ બાંગરવાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરી અન્વયે શાળા, કોલેજમાં જનજગૃતિ કાર્યક્રમ અંગેની માહિતી આપી હતી. એસ.ઓ.જી. અને પોલીસ વિભાગ દ્વારા ગાંજા અને એમ.ડી. ડ્રગ્સના વેચાણ કરતા ૨ કેસમાં ૪ આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. ના કેસ, શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ ૧૨૧ કેસમાં રૂ. ૨૪,૨૦૦ નો દંડ કરાયાનું જણાવ્યું હતું. ડ્રગ્સના વેચાણકર્તા હોય તેવા લોકો પર ૨૯૮ મેન્ટર કામગીરી કરી રહ્યા હોવાનું શ્રી બાંગરવાએ જણાવ્યું હતું. આ ઉપરાંત વન વિભાગ, મહાનગરપાલિકા, ફૂડ એન્ડ ડ્રગ્સ, આરોગ્ય વિભાગ દ્વારા સર્ચ અને જનજાગૃતિ અંગે કરવામાં આવેલી કામગીરીની માહિતી પુરી પાડવામાં આવી હતી. આ બેઠકમાં ઝોન–૨ ડી.સી.પી.શ્રી રાકેશ દેસાઈ, એસ.ઓ.જી ના પી.આઈ. શ્રી એસ.એમ. જાડેજા સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓ, કસ્ટમ, સમાજ સુરક્ષા, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક, સિવિલ, મનોચિકિત્સક, રિહેબિલિટેશન, કૃષિ અને વન વિભાગ, તોલમાપ. સાયન્ટિફિક સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, મહાનગર તેમજ સિવિલના આરોગ્ય અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીશ્રીઓ જોડાયા હતાં.

# જંગલેશ્વરના આસામીઓની સ્પે.સીવીલ એપ્લીકેશન ફગાવતી ગુજરાત હાઈકોર્ટ

રાજકોટ:શહેરના જંગલેશ્વર વિસ્તારમાં સરકારી જમીન પર ખડકાયેલા દબાણોને હટાવવા માટે કલેકટર તંત્રએ કાર્યવાહી શરૂ કરી આ પ્રકરણમાં આસામીઓ દ્વારા હાઈકોર્ટમાં સ્પે. ત્રણ સીવીલ એપ્લીકેશન દાખલ કરેલ જે પૈકીની બે સીવીલ એપ્લીકેશનને હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી છે તેમ કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવ્યું હતું.કલેકટર ડો. ઓમપ્રકાશે જણાવ્યું હતું કે, વહીવટી તંત્ર દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં સરકાર હસ્તકની જમીન પર કબજો જમાવી બેઠેલા આસામીઓને કલમ ૬૧ હેઠળ નોટિસ પાઠવવામાં આવી હતી. જેમાં પ્રથમ તબક્કાની નોટિસમાં ૧૩૫૮ આસામીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાંથી ૩૯૦ આસામીઓએ મામલતદાર સમક્ષ પોતાના પઝેશન અને ઓક્યુપેશન અંગેના જવાબો રજૂ કર્યા છે.બાકી રહેલા ૯૬૮ આસામીઓએ કોઈ જવાબ ન આપતા તેમને બીજી તક રૂપે ફરી નોટિસ આપવામાં આવી હતી. બીજી નોટિસ બાદ વધુ ૫૭૮ આસામીઓએ પોતાના પક્ષ રજૂ કર્યા છે. તંત્રના જણાવ્યા અનુસાર, હજુ પણ અંદાજે ૩૯૦ જેટલા આસામીઓએ કોઈ પ્રતિસાદ આપ્યો નથી.આથી, તેમને ત્રીજી નોટિસ પાઠવીને પોતાનો પક્ષ રજૂ કરવાની અંતિમ તક આપવામાં આવી છે. આ પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ આસામીઓને સાંભળવાનો અને જમીન પરના તેમના હક્ક અંગેની સ્પષ્ટતા મેળવવાનો છે.તમામ પક્ષોને સાંભળ્યા બાદ, જે આસામીઓ જમીન પર પોતાનો કાયદેસરનો હક્ક સાબિત કરવામાં નિષ્ફળ રહેશે, તેમને કલમ ૨૦૨ હેઠળ નોટિસ પાઠવીને દબાણ દૂર કરવાની અંતિમ કાર્યવાહી કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)